# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-05-2025** | **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** | **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વન અધિકારીઓના પદો પર મોટી સંખ્યામાં મહિલાઓની ભરતી કરનાર ગુજરાતને દેશનું પ્રથમ રાજ્ય ગણાવ્યું
2. પ્રધાનમંત્રી આવતીકાલથી બે દિવસ રાજ્યના પ્રવાસે-ભુજ, દાહોદ અને ગાંધીનગરમાં 82 હજાર કરોડથી વધુના વિકાસ કાર્યોની ભેટ આપશે
3. કડી અને વિસાવદર વિધાનસભા બેઠક પર પેટાચૂંટણીની જાહેરાત - 19મી જૂને મતદાન
4. ધોલેરા-ભાવનગર ધોરીમાર્ગ પર બે કાર વચ્ચે અકસ્માત થતાં ચાર લોકોનાં મોત
5. IPLમાં આજે અમદાવાદમાં  ચેન્નાઈ સુપર કિંગ્સે ગુજરાત ટાઈટન્સને 83 રને હરાવ્યું.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ઓપરેશન સિંદૂરથી સમગ્ર વિશ્વમાં આતંકવાદ સામેની લડાઈમાં નવી તાકાતનો સંચાર થયો છે. આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશને સંબોધતા, શ્રી મોદીએ ઓપરેશન સિંદૂર દરમિયાન સશસ્ત્ર દળોના સાહસની પ્રશંસા કરી. તેમણે સરહદ પાર આતંકવાદીઓના ઠેકાણાઓનો નાશ કરવા માટે સેનાએ જે ચોકસાઈથી કામ કર્યું તેની પણ પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આજે સમગ્ર રાષ્ટ્ર આતંકવાદ સામે લડવા માટે એકજૂથ અને પ્રતિબદ્ધ છે.

દરમિયાન, શ્રી મોદીએ ગીરમાં થયેલી સિંહોની વસતિ ગણતરીને ઉત્સાહ વધારનારી ગણાવી. તેમણે જણાવ્યું કે ગુજરાત પહેલું રાજ્ય બન્યું જ્યાં મહિલાઓને મોટાપાયે વન અધિકારીઓના પદો પર તહેનાત કરવામાં આવી છે.

(બાઇટ: નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી)

----------------

# MANN KI BAAT DISTRICT

રાજ્યના વિવિધ સ્થળોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો મન કી બાત કાર્યક્રમ સાંભળવામાં આવ્યો હતો. નર્મદા જિલ્લામાં સાગબારાના દેવમોગરા ખાતે સાંસદ મનસુખ વસાવા અને ધારાસભ્ય દર્શના દેશમુખની ઉપસ્થિતિમાં લોકોએ આ મન કી બાત કાર્યક્રમ સાંભળ્યો હતો. મહેસાણાના શક્તિપીઠ બેચરાજી ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, સાંસદ અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં લોકોએ આ કાર્યક્રમ સાંભળ્યો

હતો. બનાસકાંઠા જિલ્લામાં પણ લોકોએ રેડિયો, ટીવી અને મોબાઈલ ફોન થકી કાર્યક્રમને નિહાળ્યો હતો.

----------------

## PM GUJARAT PRAVAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસ રાજ્યની મુલાકાતે આવશે. તેઓ દાહોદ, ભુજ અને ગાંધીનગરમાં 82 હજાર 950 કરોડથી વધુના વિકાસ કાર્યોની ભેટ આપશે. આ પ્રવાસ દરમિયાન શ્રી મોદી વડોદરા, ભુજ, અમદાવાદ અને ગાંધીનગર એમ ચાર શહેરોમાં રોડ શો યોજશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, પ્રધાનમંત્રી આવતીકાલે સૌપ્રથમ દાહોદમાં ભારતીય રેલવેનો લોકોમોટિવ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે અને એક 9000 હોર્સ પાવરના ઇલેક્ટ્રિક લોકોમોટિવ ઇંજિનને લીલી ઝંડી આપશે. શ્રી મોદી દાહોદમાં વેરાવળ અને અમદાવાદ વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ અને વલસાડ અને દાહોદ સ્ટેશનો વચ્ચે એક્સપ્રેસ ટ્રેન સહિતની વિવિધ રેલ પરિયોજના સહિત ગુજરાત સરકારના 24,000 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોનો પ્રારંભ કરાવશે.

ત્યાર બાદ શ્રી મોદી ભુજમાં ₹53 હજાર કરોડથી વધુના અને બીજા દિવસે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ₹5 હજાર 536 કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

**એક રિપોર્ટ.....**

*દાહોદમાં પ્રધાનમંત્રી આણંદ - ગોધરા, મહેસાણા પાલનપુર, રાજકોટ - હડમતીયા રેલ લાઇનના ડબલિંગ કામ, સાબરમતી - બોટાદ 107 કી.મી. રેલ લાઈન ઇલેક્ટ્રિફિકેશન અને કલોલ - કડી - કટોસણ રેલ લાઈન ગેજ પરિવર્તનના કામો સહિત રેલવેના કુલ ₹23, હજાર કરોડથી વધુના કામોનું લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રીના હસ્તે દાહોદમાં ₹181 કરોડની પીવાના પાણીની ચાર જેટલી સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાઓનું લોકાર્પણ થશે જેનાથી મહીસાગર અને દાહોદ જિલ્લાના 193 ગામોને પીવાનું શુદ્ધ પાણી મળશે. આ ઉપરાંત પ્રધાનમંત્રી દાહોદ સ્માર્ટ સિટી અંતર્ગત દાહોદમાં નગરપાલિકા ભવન, આદિવાસી મ્યુઝિયમ સહિત જનસુખાકારીના ₹233 કરોડના વિકાસ કામો જનસમર્પિત કરશે. વડોદરા જિલ્લામાં સાવલી - ટીંબા માર્ગને ચાર માર્ગીય બનાવવા, સહિતના રસ્તા પુલ નિર્માણના ₹581 કરોડના કામોનું ખાતમુહૂર્ત પણ કરાશે. પ્રધાનમંત્રી ભુજ ખાતેથી કચ્છ, જામનગર, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, અમદાવાદ, તાપી અને મહિસાગર જિલ્લાને વિવિધ વિકાસકાર્યોની ભેટ આપશે.*

અપર્ણા ખૂંટ //આકાશવાણી સમાચાર //અમદાવાદ

----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી

વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## BY ELECTION

કેન્દ્રીય ચૂંટણી પંચે ગુજરાત સહિત 5 રાજ્યોની ખાલી પડેલી વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી જાહેર કરી છે. જે અંતર્ગત રાજ્યની કડી અને વિસાવદર વિધાનસભા બેઠક માટે પણ આગામી 19મી જૂનના રોજ મતદાન યોજાશે. સાંભળીએ એક અહેવાલ..

## (વોઇસ કાસ્ટ: મયુર સોલંકી)

*(કડી અને વિસાવદર વિધાનસભા બેઠકો માટે આવતીકાલથી 2 જૂન સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે. જ્યારે 2જી જૂન ઉમેદવારી પત્રો ભરવાનો અંતિમ દિવસ છે. તો 5 જૂન સુધી ઉમેદવારી પત્રો પરત ખેંચી શકાશે. આ બંને બેઠકો માટે 23 જૂને મતગણતરી હાથ ધરાશે. કડી બેઠક પર 2 લાખ 89 હજાર 856 જ્યારે વિસાવદર મતવિસ્તારમાં 2 લાખ 61 હજાર 92 મતદારો નોંધાયા છે. કડીના ધારાસભ્ય કરસન સોલંકીના અવસાન અને વિસાવદરના ધારાસભ્ય ભુપેન્દ્ર ભાયાણીના રાજીનામાના કારણે આ બંને બેઠકો ખાલી પડી હતી.*

*સમાચાર વિભાગથી મયુર સોલંકી આકાશવાણી અમદાવાદ )*

---------------

## CONGRES BYE ELECTION PRABHARI

કોંગ્રેસે વિસાવદર અને કડી વિધાનસભાની પેટા ચૂંટણી માટે પ્રભારીઓની નિમણૂક કરી છે.પાર્ટીએ વિસાવદર બેઠક માટે પરેશ ધાનાણી અને પુજા વંશ, ઇન્દ્રનીલ રાજગુરુ અને વશરામ સાગઠીયાની નિમણૂક કરી છે.કડી બેઠક માટે ગેનીબેન ઠાકોર, કિરીટ પટેલ, જીગ્નેશ મેવાણી અને રઘુ દેસાઈની પ્રભારી તરીકે નિમણૂક કરાઇ છે.

----------------

## BHAVNAGAR ACCIDENT

ધોલેરા-ભાવનગર ધોરીમાર્ગ પર બે કાર વચ્ચે અકસ્માત થતાં ચાર લોકોનાં મોત થયા છે. ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે આ અકસ્માતની ઘટના સાંઢીડા ગામ નજીક બની હતી. ઘટનાની જાણ થતા જ પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. થોડા દિવસ અગાઉ પણ અહી બે કાર વચ્ચેના અકસ્માતમાં પાંચ વ્યક્તિના મોત નીપજ્યા હતા.

----------------

## BOTAD DRUGS

બોટાદ જિલ્લા સ્થાનિક ગુના શાખાએ માદક પદાર્થના જથ્થા સાથે આરોપીને ઝડપી પાડ્યો છે. તેની પાસેથી એક લાખ 31 હજાર રૂપિયાની કિંમતનો માદક પદાર્થ મળી આવ્યો હતો. પોલીસે માદક પદાર્થ અને કાર સહિત 2 લાખ 86 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

----------------

## NAVSARI CIVIL CORONA

કોરોના સામેની આગોતરી તૈયારોના ભાગરૂપે નવસારી સિવિલ હોસ્પિટલમાં વેન્ટિલેટર સાથે સાત પથારીવાળો આઇસોલેશન વોર્ડ તૈયાર કરાયો છે.જેમાં ઓક્સિજન ટેન્ક, પીપીઇ કિટ, દવાઓ સહિતની વ્યવસ્થા ઊભી કરવામાં આવી હોવાનું ઇન્ચાર્જ નિવાસી મેડિકલ ઓફિસર ડૉક્ટર અરવિંદ ચૌધરીએ જણાવ્યું હતું.

(બાઇટ: ડૉ.અરવિંદ ચૌધરી, RMO)

----------------

## WEATHER

હવામાન વિભાગે આગામી ચાર દિવસ રાજ્યમાં વરસાદનું યલો એલર્ટ જાહેર કરાયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 50 થી 60 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઇ શકે છે. આવતીકાલે કચ્છ, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. અરબ સાગરમાં બનેલુ ડિપ્રેશન હવે નબળું પડ્યું હોવાનું પણ હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું.

બનાસકાંઠાના અંબાજી પંથકમાં આજે બપોર બાદ વરસાદનું પડ્યો હતો. વાવાઝોડા જેવી સ્થિતિને કારણે ગુજરાત મેરિટાઇમ બોર્ડ દ્વારા

ભાવનગર બંદર અને ઘોઘા ખાતે એક નંબરનું સિગ્નલ લગાવી દેવાયું છે.

----------------

## DWARKA-GOMTI GHAT

વાવાઝોડાની આગાહીને પગલે દ્વારકામાં અરબી સમુદ્રમાં ભારે કરંટ જોવા મળ્યો. ગોમતી નદીમાં પણ 15 થી 20 ફૂટ ઊંચા મોજા ઉછળ્યા હતા. ત્યારે ગોમતી ઘાટ પર સહેલાણીઓનો જમાવડો થયો હતો. ઘાટ પર મોજા ઉછળતા હોય ત્યારે કોઈ જાનહાની ન થાય તેને ધ્યાનમાં રાખી ફાયર જવાનો તેમજ સિક્યુરિટી ગાર્ડ તૈનાત કરાયા છે.

. . . . . . . . . . .

## BHAVNAGAR-OKHA TRAIN TIME CHANGE

ભાવનગર-ઓખા એક્સપ્રેસ ટ્રેન આગામી 30 મેથી તેના નિર્ધારિત સમયથી બે કલાક વહેલી ઓખા પહોંચશે. આ ટ્રેન ભાવનગર ટર્મિનસથી રાતે 10 વગીને 10 મિનિટે ઉપડશે જે બીજા દિવસે સવારે ૧૧ વાગ્યે ઓખા પહોંચશે.સુરેન્દ્રનગર જંકશન-ઓખા સેક્શન વચ્ચે આ ટ્રેનના સમયમાં ફેરફાર કરાયો છે જ્યારે ભાવનગર ટર્મિનસથી સુરેન્દ્રનગર જંકશન સુધી આ ટ્રેન તેના વર્તમાન સમયપત્રક મુજબ ચાલશે.

----------------

## IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ IPL ક્રિકેટમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ચેન્નાઈ સુપર કિંગ્સે ગુજરાત ટાઈટન્સને 83 રને હરાવ્યું. પહેલા બેટિંગ કરતાં , ચેન્નાઈ સુપર કિંગ્સે નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટે 230 રન બનાવ્યા હતા. જેના જવાબમાં ગુજરાત ટાઈટન્સની ટીમ માત્ર 147 રનમાં ઓલઆઉટ થઈ હતી.

----------------